## :: આરોપી રાહુલ ઉર્ફે સાહુન હારૂન મેવ(મુસ્લીમ)ની જામીન અરજી લગત હુકમ ::

**૧.** જામીન અરજી વંચાણે લીધી. આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. કેસના કાગળો તથા સંજોગો ધ્યાને લીધા.

**૨.** આ કામે અગાઉ આરોપીઓ પકડાયેલા હતા. હાલનો આરોપી બાદમાં પકડાયેલ છે. મેળ કેસમાં ચારજશીટ થઇ ગયેલ છે જેનો ફોજદારી કેસ નં.૧૬૫૩/૨૦૨૫ પડેલો છે. હાલના આરોપી કસ્ટડીમાં હોઈ તેમણે મુળ કેસમાં ચાર્જશીટ થયા બાદ હાલની જામીન અરજી જામીન મુક્ત થવા માટે ગુજારેલ છે.

**૩.** આ કામના આરોપી સામે ઉકત નંબરથી પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ), ૬૫(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબના ગુન્હાનું તહોમતવાળો કેસ દાખલ થયેલ છે.

**૪.** અરજદાર આરોપી પક્ષે અરજી મુજબની રજુઆત કરી જામીન અરજી મંજુર કરવા જણાવેલ છે. નામ.કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરીશું. મજુર માણસો છીએ. પરીવાર ભૂખે મરે તેમ છે. અગાઉના આરોપીને નામ.ગુજરાત વડી અદાલતે જામીન મુકત કરેલા હોય હાલના આરોપસને પેરીટીના ગ્રાઉન્ડનો લાભ આપવા અરજ ગુજારેલ છે.

**૫. હવે જામીન અરજીના ગુણદોષ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.**

**૫.૧** આ કામના આરોપી કુલ વધુ પ્રમાણમાં કહી શકાય તેટલો **વિદેશી બિયર, દારૂની બોટલ, ટીન નંગ:૧૦,૮૬૦/- કિંમત રૂા.૪૩,૯૬,૪૨૦/- ના પ્રોહી** મુદ્દામાલના કામે પકડાયેલ છે. **જે વાહનમાં મુદ્દામાલ હેરફેર કરવામાં આવતો હતો તે વાહનના માલીક હાલના આરોપી છે. તેમના નામે ત્રણ વાહનો છે. જે પેકી બે વાહનો આજ પ્રકારના ગુનામાં સંડોવાયેલા છે.**

**આરોપી આવા ગુના કરવાની ટેવવાળા હોય તેવું જણાઈ આવે છે.** જેથી અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર અત્રેની અદાલતને જણાતી નથી.

**પ.ર** જયારે વ્યકિત અટલા મોટા જથ્થાના કામે સંડોવાયેલા હોય ત્યારે સ્વાભાવિક છે કે એ પોતાના વપરાશ માટે નહીં પરંતુ વેચાણના હેતુ માટે જ હોય. અને ગુજરાત રાજયમાં દારૂ બંદી હોવા છતા આવા તત્વો આટલા વપુલ જથ્થાની હેરફેરમાં સંડોવાયેલા હોય તે બાબત બિલકુલ સહજતાથી લઈ શકાય તેમ નથી. જેથી અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર અત્રેની અદાલતને જણાતી નથી.

**પ.૩ ચાર્જશીટ થયા પછીની હાલની જામીન અરજી હોઈ સમગ્ર જામીન અરજી વંચાણે લેતા તથા રેકર્ડ જોતાં કોઈ સંજોગો બદલાયેલા હોવાનું જણાઈ આવતું નથી કે આરોપીના વિ.વ.શ્રી કોઈ સંજોગો બદલાયેલા હોઈ તેવું ધ્યાન ઉપર લાવી શકેલા નથી કે ચાર્જશીટ વંચાણે લેતા પણ સંજોગો બદલાયેલા હોય તેવું જણાઈ આવતું નથી. જેથી પણ આરોપીની હાલની જામીન અરજી નામંજુર થવાને પાત્ર ઠરે છે.**

**પ.૪** વધુમાં આવા સમાજ વિરોધી, પ્રથમ દર્શનિય ગુનાઓ વધતા જાય છે. આવી કેટલીય હેરફેરો થતી હશે કે જેમાંથી અમુક જ અપરાધીઓ પોલીસની પકડમાં આવતા હશે. અને આવા જવલ્લે પકડાયેલા અપરાધીઓને સહજતાથી જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતા નથી. અને તેથી પણ અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર અત્રેની અદાલતને જણાતી નથી.

**પ.પ** વધુમાં સમાજની અંદર વધતા તમામ ગુનાઓ પૈકી મહત્તમ ગુનામાં મૂળમાં કારણભૂત પરીબળ દારૂ જ હોય છે. અને તેના ઉપભોગ બાદજ વિવિધ પ્રકારના સુક્ષ્મ અને ગંભિર ગુનાઓ માનવિય મગજમાં આકાર લેતા હોય છે, વિકસતા હોય છે અને છેવટે વ્યકિત ગુના માટે પ્રત્યક્ષ, પરોક્ષ, યા ઈચ્છનિય અગર અનિચ્છનિય રીતે તૈયાર થતો હોય કે પ્રેરાતો હોય

છે. અને અંતે દારૂના ઉપભોગ બાદ જ આ આકાર, તૈયારી અને પ્રેરણા ગુનામાં પરીણમતી હોય છે. જેથી પણ અરજદારની હાલની અરજી કોઈ પણ રીતે મંજુર થવા પાત્ર અત્રેની અદાલતને જણાતી નથી.

**૫.૬** દારૂની એક બદી અન્ય ઘણી બધી બદીઓની જનેતા છે. અને તેથી જો આ એક બદી ઉપર નિયંત્રણ આવે તો અન્ય બદીઓ આપોઆપ મટે તેવી પ્રબળ શકયતાઓ છે અને તેને કોઈ સંજોગોમાં નકારી શકાય તેમ નથી. જેથી પણ અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર અત્રેની અદાલતને જણાતી નથી.

**૫.૭** વધુમાં આવા સમાજ વિરોધી, પ્રથમ દર્શનિય ગુનામાં આરોપીને સહજતાથી મુકત કરી દેવામાં આવે તો આવા આરોપીઓને આ પ્રકારના ગુનાઓ આચરવામાં કોઈ જ ડર કે સંકોચ રહે તેમ નથી, અને પરોક્ષ રીતે તેમને પીઠબળ મળે તેવી શકયતાઓ પણ રહેલી છે. જેથી પણ અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર અત્રેની અદાલતને જણાતી નથી.

**૫.૮** ગુજરાત રાજયની હદમાં આટલા મોટા પ્રમાણમાં વગર પાસ પરમીટે આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ કરવામાં આરોપીની સંડોવણી થયેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે. તથા આરોપીઓને જો આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી ફરીવાર આ પ્રકારના ગુન્હાની પ્રવૃત્તિ ન કરે તેવું માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી.

**૫.૯** અગાઉના આરોપીને નામ.ગુજરાત વડી અદાલત દવારા જામીન આપવામાં આવેલા હોય હાલના આરોપીને પેરીટીના ગ્રાન્ડનો લાભ આપી શકાય તેમ નથી. કારણ કે, હાલના આરોપીનો રોલ આ ગુના કામે અગાઉના આરોપી કરતા સાવ જુદો છે. અગાઉનો આરોપી ડ્રાયવર હતો અને હાલનો આરોપી માલીક છે. અગાઉનો આરોપી અન્ય ઈલેકટ્રીક સામાન સાથે પ્રોહી મુદ્દામાલ છુપાવીને લાવતા પકડાયેલો છે. જયારે હાલનો આરોપી

જે વાહનમાં મુદ્દામાલ હતો ત વાહનનો માલીક છે. આ તો.દારના બે વાહનો આજ પ્રકારના ગુના કામે પકડયોલા છે. આરોપી ગુનો કરવા ટેવાયેલો છે. આખા ગુના પાછળ મુખ્ય સુત્રધાર વાહનનો માલીક એટલે કે હાલનો તો.દાર હોવાનું માનવાને કારણ રહે છે. આ અગાઉના આરોપી કરતા હાલના આરોપીનો રોલ જુદો હોય આ તબકકે ગ્રાઉન્ડ ઓફ પેરીટીનો લાભ આપી શકાય તેમ નથી.

જેથી ઉપરોકત તારણો ધ્યાને લેતાં ન્યાયાના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

– આરોપી રાહુલ ઉર્ફે સાહુન હારૂન મેવ(મુસ્લીમ)નાઓની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.
– હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૩/૨૦૨૬.
સ્થળ: કરજણ.

પ્રદીપકુમાર વસંતલાલ ધીમર
અધિક ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, કરજણ.
જજકોડ: જીજે૦૧૪૮૮.